**રાજયમાં ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ**

*** 15/4/2025 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં ડીપ–સી એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજુરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ, | **(૧)** | સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરી તા.૨૬–૧૧–૨૦૧૯ ઠરાવથી નીચેની વિગતે આપવામાં આવેલ છે. |

| ક્રમ | ઔધોગિક એસોસીએશન | કુલ રકમ (રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૭૮.૦૦ |
| ૨ | જેતપુર | ૬૬૯.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૮.૦૦ |
| | કુલ અંદાજીત રકમ | ૨૨૭૫.૦૦ |

- જેતપુર પ્રોજેક્ટ માટે રૂ. ૬૮૮.૯૮ કરોડ ની રીવાઇઝ વહીવટી મંજુરી તા.૩૦/૦૬/૨૦૨૧ તથા રૂ. ૬૬૭ કરોડ ની તાંત્રિક મંજુરી તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.

- ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલની સૈદ્ધાંતિક, વહીવટી મંજુરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦ કરોડની મંજુરી આપવામાં આવેલ.

**(૨)** ઉકત પ્રોજેક્ટ પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**(૨)** રાજ્ય સરકારે ૭૦.૦૦ કરોડ ની ફાળવણી કરેલ છે તથા જી.આઇ.ડી.સી. દ્વારા તેના સ્વભંડોળ સહિત કુલ રૂ.૧૨૩.૮૯ કરોડનો ખર્ચ કરેલ છે.

**(૩)** ઉકત પ્રોજેક્ટ કયાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોપવામાં આવેલ, અને

**(૩)** (૧) જેતપુર: જેતપુર ખાતેના પ્રોજેક્ટની અમલીકરણની કામગીરી મે. મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ (જે.વી) દ્વારા સ્થાપીત સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી) "જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેક્ટ પ્રાઇવેટ લીમીટેડ" ને તા.૨૮/૧૦/૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પુર્ણ કરવાની શરતે જીડબલ્યુઆઇએલ દ્વારા સોંપવામા આવેલ છે.

(૨) સરિગામ: મે. એન્વાયરો ઇન્ફ્રા એન્જીનીયર્સ લીમીટેડને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

(૩) વાપી: વાપી ડીપ–સી પ્રોજેક્ટ માટે મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણુક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ

છે. જેની સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૪) સુરત: સુરત ડીપ–સી પ્રોજેક્ટ માટે મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટંટની નિમણુક તા.૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. ઉકત સ્થિતીએ સદર પ્રોજેક્ટ ચકાસણી હેઠળ છે.

(૫) અંકલેશ્વર– ઝગડીયા: અંકલેશ્વર – ઝગડીયા ડિપ–સી પ્રોજેક્ટ માટે અલગ અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.

(i) મે.લાખાની એન્જીનીયરસ & ઓર્ગેનાઇઝેશનને તા.૨૧/૧૧/૨૦૨૩.

(ii) મે.પી દાસ ને તા.૨૨/૧૧/૨૦૨૩

(iii) મે. આર બી કન્સટ્રકશન ને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**(૪)** ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે?

**(૪)** (૧) જેતપુર: ઉકત સ્થિતિએ પ્રોજેક્ટની કામગીરી અંતર્ગત સરકારશ્રીમાંથી મેળવવાની થતી વિવિધ મંજુરીઓ, સી.આર.ઝેડ. કિલચરન્સ તેમજ જમીન સંપાદનની કાર્યવાહી માટે જરૂરી મંજુરીઓ મેળવવા માટે સંલગ્ન વિભાગોમાં અરજી કરેલ છે. જે પ્રગતિ હેઠળ છે.

(૨) સરિગામ: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.

(૩) વાપી: ઉકત સ્થિતિએ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૪) સુરત: ઉકત સ્થિતિએ સદર પ્રોજેક્ટ ચકાસણી હેઠળ છે.

(૫) અંકલેશ્વર– ઝગડીયા: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.

---------------------------------------------------------